ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ તા. ૩૧/૦૭/૨૦૧૭

**૩૩ જેટલી પાયાની જરૂરીયાતવાળી ચીજ-વસ્તુઓની કીટનો જથ્થો પ્રદેશ કાર્યાલય- "શ્રીકમલમ્" ખાતેથી રવાના કરાવતા પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણી**

---------------

**માનવજીવ હોય કે પશુજીવ તેમની સેવા કરવામાં સરકાર અને સંગઠન અસરગ્રસ્ત સ્થળ પર સમક્ષ હાજર રહીને એક માનવતાવાદી અભિગમ સાથે સરકાર તેમજ સંગઠનની અનુભૂતિ કરાવી છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

---------------

**અસરગ્રસ્ત ૧૦૦૦ ગામોમાં જનજીવન પૂર્વવત્ ન થાય ત્યાં સુધી રાજ્ય સરકાર તેમજ ભાજપા સંગઠનનો પુરગ્રસ્ત વિસ્તારમાં સતત હાજર રહેવાનો સંકલ્પ - શ્રી જીતુભાઇ વાઘાણી**

---------------

**ભાજપા ડોકટર સેલ દ્વારા ૨૦ જેટલી ડોકટરોની ટીમો વિવિધ અસરગ્રસ્ત વિસ્તારોમાં ખડેપગે હાજર.**

---------------

પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યુ હતુ કે, રાજ્યભરમાં અતિવૃષ્ટિના કારણે પાટણ અને બનાસકાંઠા જીલ્લાના ગામોમાં સૌથી વધુ અસર થઇ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતીનભાઇ પટેલ, તેમજ રાજ્ય સરકાર અને સમગ્ર ભાજપા સંગઠન સતત કાર્યશીલ છે. માનવજીવ હોય કે પશુજીવ તેમની સેવા કરવામાં સરકાર અને સંગઠન અસરગ્રસ્ત સ્થળ પર સમક્ષ હાજર રહીને એક માનવતાવાદી અભિગમ સાથે સરકાર તેમજ સંગઠનની અનુભૂતિ કરાવી છે.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યુ હતુ કે, સમગ્ર રાજ્યમાં પુર ઓસરી ગયા પછી હવે અસરગ્રસ્ત વિસ્તારોમાં રાશન, તંદુરસ્તી માટે મેડિકલ સહાય, ઘર-વખરીનો સામાન પહોંચાડવા માટે આજે પ્રદેશ કાર્યાલય "શ્રીકમલમ્" ખાતેથી કર્ણાવતી મહાનગર, અમદાવાદ જીલ્લો, ગાંધીનગર જીલ્લાના ભાજપા સંગઠનના કાર્યકર્તાઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી કીટ કે જેમાં, ૨૭૫૦ રાશન કીટ, ૧૦૦૦ વાસણની કીટ, ૪૦૦૦ જોડી સ્લીપરો, ૪૦૦૦ સાડીઓ, ૩૦૦૦ કિલોગ્રામ ઘઉંનો લોટ અને નાના-નાના ભુલકા વિદ્યાર્થીઓ માટે ચોપડીઓ તેમજ દફ્તરની કીટ ૪ ટ્રક ભરીને રવાના કરવામાં આવી હતી. અબોલા પશુઓ માટે ૨૦ ટ્રક ઘાસ-ચારો મોકલવામાં આવ્યો છે. ભાજપા ડોકટર સેલ દ્વારા ૨૦ જેટલી ડોકટરોની ટીમો વિવિધ અસરગ્રસ્ત વિસ્તારોમાં ખડેપગે હાજર છે. રાશન તેમજ વાસણની કીટોમાં ૩૩ જેટલી પાયાની જરૂરીયાતવાળી ચીજ-વસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

... ૨ ...

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યુ હતુકે, અસરગ્રસ્ત લગભગ ૧૦૦૦ જેટલા ગામો સુધી આ કીટ પહોંચાડવામાં આવશે, અને ભાજપાના કાર્યકર્તાઓ આ કીટ લઇને પુરગ્રસ્ત વિસ્તારમાં ગયા છે. શ્રી વાઘાણીએ સેવાભાવી સંસ્થાઓ, સામાજીક સંસ્થાઓ તેમજ ભાજપા સંગઠનનો રૂણ સ્વીકાર કર્યો હતો અને જણાવ્યુ હતુ કે, ખરા અર્થમાં જરૂરીયાતવાળા લોકો સુધી રાહત સામગ્રી પહોંચી શકે તે માટે રાજ્ય સરકાર તેમજ ભાજપા સંગઠને તેનું યોગ્ય સંકલન કર્યુ છે.

શ્રી વાઘાણીએ અંતમાં જણાવ્યુ હતુ કે, જ્યાં સુધી જનજીવન પૂર્વવત્ ન થાય ત્યાં સુધી રાજ્ય સરકાર તેમજ ભાજપા સંગઠનનો પુરગ્રસ્ત વિસ્તારમાં સતત હાજર રહેવાનો સંકલ્પ કર્યો છે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતીનભાઇ પટેલ, રાજ્ય સરકારના મંત્રીશ્રી, કેન્દ્ર સરકારના મંત્રીશ્રીઓ, ભાજપાની ચૂંટાયેલી પાંખ, સંગઠનના પદાધિકારીશ્રીઓ તેમજ ભાજપાના કરોડો કાર્યકર્તાઓ પુરગ્રસ્ત વિસ્તારમાં સતત સંપર્કમાં રહેશે.

આજના આ પ્રસંગે સ્ટેટ કો-ઓર્ડિનેટરશ્રી કૌશીકભાઇ પટેલ, પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ગોરધનભાઇ ઝડફીયા, પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઇ પંડ્યા, પ્રદેશ મંત્રીશ્રી પ્રદિપસિંહ વાઘેલા, ભાજપા યુવાના મોરચાના પ્રદેશ અધ્યક્ષશ્રી ડૉ. ૠત્વિજ પટેલ, મીડીયા સેલના કન્વીનરશ્રી ડો. હર્ષદ પટેલ, પ્રદેશ સેલ કન્વીનરશ્રી મહેશભાઇ કસવાલા અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

(ડૉ. હર્ષદ પટેલ)
મીડીયા વિભાગ